
# લ્યો, આવી ગયો ઉનાળો

*તપ્ત ધરણી હતી...*
*ભાનુની દૃષ્ટિના ભર્ગથી ભાસ્વતી...*
*સૃષ્ટિ સારીય તે ભસ્મવરણી હતી...*
*અગ્નિની આંખ અંગાર ઝરતી હતી...*
*રુદ્ર અંબર તલે પંખીની પાંખ ઊડતાંય ડરતી હતી..*
*દૂર ને દૂર જૈ ઓટ સરતી હતી*
*શાંત સાગરજલે*
*ફેણ ફુત્કારતી ક્યાંય ભરતી ન'તી*
*આજ વૈશાખના ધોમ બપ્પોરમાં*
*આછી આછીય તે પવનની લ્હેર આ લૂ ઝર્યા પ્હોરમાં*
*માહરી સિક્ત પ્રસ્વેદતી કાય ના સ્હેજ લ્હોતી છતાં*
*ગીતને વેરતું*
*શૂન્યમાં હુંય તે શૂન્ય થૈ પંથ કાપી રહ્યો*
*ક્યાંય માથે ન'તો મેઘનો માંડવો, છાંય ન્હોતી છતાં*
*શૂન્યના નેત્રથી શૂન્ય સ્થલ અને કાલના અંત માપી રહ્યો..*



## મનકા સિતાર

કેશુભાઇ દેસાઇ

નિરંજન ભગત ફક્ત નગરકાવ્યો લખીને અટકી કે ભટકી ગયા નથી. એમણે 'હરિવર મુજને હરી ગયો' જેવું મીરાંશૈલીનું ભક્તિ પ્રણય કાવ્ય રચ્યું છે અને 'પથ્થર થરથર ધ્રૂજે' જેવું એકી સાથે માનવતાનાં શાશ્વત મૂલ્યો અને નારીસંવેદનાને બહેલાવતું કાવ્ય પણ આપી. આપણી ભાષાને રળિયાત કરી છે. એમણે બીજા કવિઓને જલદી ન સૂઝે એવું ગ્રીષ્મ મહિમાનું ઋતુ કાવ્ય પણ આપ્યું છે.

મને આટલાં વર્ષો પછી મારા શાળાકાળના ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કાવ્ય ઓચિંતું કેમ સળવળી ઊઠે છે એ સમજાતું નથી, પણ એક વાત નક્કી છે કે એની મનની 'માલીપા' રણઝણતી પંક્તિઓ રહી રહીને મને એક અનિર્વચનીય આનંદ આપી રહી છે. કવિ 'ગ્રીષ્મ મધ્યાહ્નમાં' કેવું તીવ્ર સંવેદન અનુભવી રહ્યો છે એ તો એ આખા કાવ્યનો કાનમાં રણકાર સાંભળીએ તો જ સમજાય. કવિએ એ બપોર વેળાની મૃદુ નહીં છતાં મોહક છબી રજૂ કરી છે. આમ પણ ઉનાળામાં દિવસ લાંબો લાગે છે અને પાછી આ તો ખુલ્લા આકાશ નીચે પથરાયેલા ગ્રીષ્મના મધ્યાહ્નનો મહિમા ગાતી પ્રલંબ કવિતા છે. અહીં આખી કવિતા ઉતારી શકાય એવી મોકળાશ નથી એટલે થોડીક કડીઓ જ વાગોળીશું. જે રસિક જનો જરૂર માણશે એવી શ્રદ્ધા છે! આ કાવ્ય કવિએ ૧૯૪૭ માં રચ્યું હતું અને એ ૧૯૪૯ માં -અર્થાત્ મારા જન્મ વર્ષમાં એમના યશોદાયી કાવ્યસંગ્રહ 'છંદોલય' માં પ્રકાશિત કર્યું હતું. કવિતા રચાઈ ત્યારે આપણા આ સીમાચિહ્ન રૂપ કવિ માત્ર એકવીસ વર્ષના હતા! એક પ્રચંડ ઊર્જાવાન કવિ એવી જ ઊર્જાના વિસ્ફોટ સમા ગ્રીષ્મના મધ્યાહ્નનું લયબદ્ધ વિવરણ આપે ત્યારે ભાવક કેવી તન્મયતા અનુભવી શકે એનો મને જાત અનુભવ છે. કવિનો ગ્રીષ્મ એક જોરાવર નાયક, રણે ચઢેલો યોદ્ધો ના હોય જાણે, એવી ભ્રાંતિ થાય છે. ઋતુ કહીએ ત્યારે એ રમણે ચડેલી ચંડિકા લાગે પણ એના ઉદરમાં ચૈત્ર, વૈશાખ અને જેઠ જેવા ત્રણ ત્રણ બળૂકા મહિના ઊછળતા અને ઊછળતા હોય છે. નિરંજન ભગતનો ગ્રીષ્મનો મધ્યાહ્ન એમના ગુરુજન સમા મોભી રામનારાયણ વિ.પાઠકના વૈશાખી બપોર કરતાં જુદો નથી, છતાં જુદો તો લાગે જ છે.

'સજાવવાં કાતર ચપ્પુ કોઈને?' એવી ટહેલ નાખી સૂની ભેંકાર શેરીઓમાં રઝળપાટ કરતા એ શ્રમજીવી સરાણિયા માટે સુખિયા લોકોની જેમ ઉનાળાની કાળઝાળ બપોરવેળા આડેપડખે થવાની કે ઊંડા ઓરડે પુરાઈ તડકાથી બચવાની વેળા નથી. એને તો ઉતાવળે ઘર ભેગા થઈને ઘરવાળીનો ચૂલો સળગાવવા માટે બે ચાર ફદિયાં ભેગાં કરી શેર આટો ખરીદવાની ફિકર છે. એની સાથે ભૂખ્યોતરસ્યો નાનકડો દીકરો ઉઘાડા પગે, ફાટેલ તૂટેલ ચડ્ડી પહેરીને પણ બાપની પાછળ પાછળ બૂમ પાડી રહ્યો છે, સજાવવાં કાતર ચપ્પુ કોઈને?

ભૂખ્યા પેટે કાળઝાળ ઉનાળાની બપોર વેળાએ પેટની આગ ઠારવા બટકું સૂકો રોટલો પણ મળી જાય તો સારું, એવી આશા સાથે સૂની શેરીઓમાં પોકાર પાડતા બાપ દીકરાની દયા તો ઘડીક સુખી ઘરની 'ભારતીય' મહિલાઓને આવે છે પણ એમને માટે નથી કશું સરાણે ચડાવવા ધરી શકાય એવું ઉપકરણ કે નથી વધ્યુંઘટ્યું, એઠુંજૂઠું એ ભૂખ્યા જનોને ખવડાવી શકાય એવું ખાવાનું. વળી એમણે તો જૂના જમાનામાં વપરાતાં કાતર ચપ્પુ કાઢી નાખીને આધુનિક જર્મન બનાવટનાં ઉપકરણો વસાવી દીધાં છે. એટલે આ ગરીબ સરાણિયાને એની સરાણે ચડાવવા આપવા જેવું પણ એ દયાળુ અને સંસ્કારી ગૃહલક્ષ્મીઓ પાસે કશું જ નથી. હૈયે અનુકંપા જાગે ખરી પણ એને ખંખેરી નાંખીને એ એમનાં નિવાસસ્થાનોની બારીઓ બંધ કરી નિરાંતે એમના વાતાનુકૂલિત શયનખંડમાં ભરાઈ જાય છે. નિરાશ થઈને દુખિયારા બાપદીકરાને શહેરની ભાગોળે આવેલા પોતાના ઝૂંપડા ભણી ભાંગેલા પગે પાછું વળવું પડે છે ત્યાં કોઈ મજૂરપરિવારની નજર પડતાં એમને ઘડીક પોરો ખાઈ પાણી પીને સુકાઈ

**તડકો આપણા શહેરવાસી કવિઓની તમામ પેઢીઓને એક યા બીજી રીતે દઝાડતો રહ્યો છે. લાભશંકર ઠાકર એમની દાઝ છેક ગાંધીજીની ટાલ પર ઉતારીને જંપે છે**

રહેલ કંઠ ભીના કરવાનું સૂઝે છે. થોડા ગરીબ પરિવારો રસ્તાકિનારે ભાતું ખોલીને બેઠા હતા. આ સમદુખિયાને એમની પાસે કશું માંગવું ના પડ્યું. પ્રેમપૂર્વક સામે ચાલીને એમણે એ અજાણ્યા વટેમાર્ગુને પોતાની સાથે થોડું 'મોઢું ભરી લેવા' આગ્રહ કર્યો.

કેવો વિપર્યાસ! કેવું કરુણમંગલ દશ્ય! કેવો તીખો મરચા જેવો કટાક્ષ!

તડકો આપણા શહેરવાસી કવિઓની તમામ પેઢીઓને એક યા બીજી રીતે દઝાડતો રહ્યો છે. લાભશંકર ઠાકર એમની દાઝ છેક ગાંધીજીની ટાલ પર ઉતારીને જંપે છે. જોકે એમના કાવ્યમાં એવું નજરે નથી પડતું. કાવ્ય સાદ્યંત સુચારુ કવિતા છે.

*પરોઢના ઝાકળમાં તડકો પીગળે*
*પીગળે પીગળે પડછાયાના પ્હાડ*
*ને આંસુમાં ડૂબતી તરતી, તરતી ડૂબતી*
*અથડાતી ઘુમરાતી આવે*
*થોર તણી કાંટાળી લીલી વાડ*
*વાડ પરે એક બટેર બેઠું બટેર બેઠું બટેર બેઠું*
*ફફડે ફફડે ફફડે એની પાંખ....*

આવી સુંદર કવિતા સાથે 'તડકો ગાંધીજીની ટાલ' જેવી પંક્તિ થોડી શોભે? પણ અમે કવિતાના ચાળે ચડેલા ત્યારે એવાં ગતકડાં રોડવી જે મોજ માણી છે!

આપણે હયાત અને મારા હમઉમ્ર કવિ ભગીરથ બ્રહ્મભટ્ટના તડકાની કવિતા પણ માણી લેવી જોઈએ. આખરે તડકો એક કાલજયી પ્રાકૃતિક ઘટના છે. એ ના પડે તો કદાચ આખી જીવસૃષ્ટિના માથે જોખમ તોળાઈ રહે. અલબત્ત એનાં વિધવિધ રૂપ છે. વાડીલાલ ડગલી શિયાળાની સવારનો તડકો ખાઈ ઓળઘોળ થઈ ઊઠે છે તો વળી કાળઝાળ ઉનાળાની બળબળતી બપોરનો તડકો કવિ સમક્ષ જંગલી હિંસક જાનવર કે બિહામણા ભૂત જેવો બની પરસેવે રેબઝેબ કરી મૂકે છે.

*કેવો તડકો!*
*આભકુંડથી ઊંધા માથે ભડભડ પ્રગટે મેઘ જેવો ભડકો*
*કેવો તડકો!*
*કળી બાપડી ખૂલતાં પહેલાં અઢળક હાંફી જાતી*
*પુષ્પો પર્ણો વેલી વૃક્ષો માટી પણ મુરઝાતી*
*બરફ થઈને વ્હેવા માંડી રેલી ચાલી ડામરની આ સડકો!*
*કેવો તડકો!*
*તરસ તડપતી જીભ લબલબતી લેતાં શ્વાન સબડકો!*
*કેવો તડકો!*

આપણે પ્રશિષ્ટ કાલજયી કવિ નિરંજન ભગતની કવિતાથી શરૂઆત કરી હતી એટલે અંતે પણ એમનું 'તડકો' કાવ્ય વાંચી લઈએ:

*તગતગતો આ તડકો*
*ચારેકોર જુઓને કેવી ચગદાઈ ગઈ છે સડકો*
*અહીં ધરતી પર નક્કર જાણે ધાતુ શો તસતસતો*
*સાવ અડીખમ પડ્યો કશેયે જરીક તો કોઈ અડકો!*
*જિદ્દી જનનું મન પણ જેની પાસે લાગે હળવું*
*વૈદેહીના ધનુષ્યને પણ રામ કને તો ચળવું*
*ગિરિ ગોવર્ધનનેયે ટચલી આંગળી ઉપર ઢળવું*
*પણ આને ઓગળી દેવા કોણ મેલશે ભડકો!*

# કેરળમ્ સર! નોક્કુ કૂલી દેના પડેગા, સર!



## અબીલ ગુલાલ

જયવંત પંડયા

કેરળમ્ તાજેતરમાં ત્રણ રીતે ચર્ચામાં છે. ૧. ચૂંટણી, ૨. કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના કેરળ ચૂંટણી પ્રચારમાં ગુજરાતીઓ અભણ હોવાથી ભાજપને સતત ચૂંટે છે પ્રકારનું નિવેદન અને ૩. રાજધાની તિરુવનંતપુરમ્માં પર્યાવરણને હાનિ થાય તેવા કચરાનું પ્રબંધન કરતી ક્લીન કેરળ કંપની લિ. ખાતે કામકાજ ઠપ થઈ જવું.

ઉપરોક્ત પહેલા બે કારણો તો સમજાય પણ ત્રીજું કારણ એટલું મહત્ત્વનું કેવી રીતે? તો તેનું કારણ એ છે કે છેલ્લા છ મહિનાથી 'નોક્કુ કૂલી'ની ચાલી રહેલી માથાકૂટના લીધે આ કામકાજ ઠપ થયું હતું. 'નોક્કુ કૂલી' એટલે કામને થતું જોવાનો ભાવ. ના, આ સુપરવિઝન નથી. અંગ્રેજીમાં તેને Gawking Wages કહે છે, પણ સીધા શબ્દોમાં કહીએ તો ખંડણી. એ તો હવે બધા જાણે છે કે 'કેરળમ્'માં સામ્યવાદી અથવા કૉંગ્રેસની સરકાર હોય છે. બંનેની વિચારસરણી એકંદરે સરખી છે. બંનેના શ્રમિક સંઘો અર્થાત્ લેબર યૂનિયનો છે. આ યૂનિયનો શ્રમજીવીઓના અધિકારો માટે લડે તો તો સમજાય, પરંતુ યૂનિયનો દાદાગારી કરવા લાગ્યા. તમે ઘર બદલતા હો, કે દુકાનમાંથી અથવા કંપનીમાંથી માલસામાનની હેરફેર કરતા હો તો સ્વાભાવિક જ તમારે ટ્રક/ટેમ્પોમાં માલસામાન ચડાવવો અને ઉતારવો પડે.

આ માલસામાન ચડાવવા કે ઉતારવા માટે તમારે યૂનિયનોના નેતાઓને જે ખંડણી આપવી પડે તેનું નામ નોક્કુ કૂલી. પણ આ રકમ કંઈ કામ કરવા માટે ન હોય. આ રકમ તો તમે માલસામાન ચડાવી કે ઉતારાવી શકો તે માટે હોય! આની કામ કરવાની (અપરાધિક) પદ્ધતિ (મૉડસ ઑપરેન્ડી) એવી હતી કે ડાબેરી યૂનિયનો દરેક ઔદ્યોગિક ક્ષેત્ર અને નિવાસી વિસ્તારમાં પોતાના સાગરિતો રાખે. જેવા કોઈ ઉદ્યોગ કે નિવાસમાં સામાન આવી પહોંચે અથવા સામાન બહાર લઈ જવાનો હોય એટલે સાગરિત યૂનિયનના કર્તા-હર્તાને જાણ કરે. આથી એ વડો તેના માણસોને લઈને આવી પહોંચે. પછી આ કામ પતાવવા એ વડો બહુ ઊંચી રકમ માગે. તેઓ એમ કહે કે આ અમારો અધિકાર છે. ઘરધણી કે કંપનીનો મેનેજર પૈસા આપે પછી એ ઊભો રહી માત્ર ત્યાં જોવાનું કામ કરે. કામ એને ન કરવાનું હોય. એ તો શ્રમિકો જ કરે. અને આ શ્રમિકો પણ મોટા ભાગે કંપનીના હોય. ઘરધણીએ અથવા મેનેજરે તો બે જણાને ચૂકવવું પડે. જે શ્રમિકો કામ કરે તેમને પણ અને આ યૂનિયનના વડાને પણ.

**કચરાનું પ્રબંધન કરતી ક્લીન કેરળ કંપની લિ.નું કામકાજ ઠપ થઇ ગયું તેની પાછળ નોક્કુ કૂલી નામની કુપ્રથા ઉત્તરદાયી છે. શું છે આ નોક્કુ કૂલી?**

ગત વર્ષે રાજ્ય સભામાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે આ સરસ સમજાવેલું. "તમે બસમાં કેરળમ્ ગયા. બસમાંથી તમારે સામાન ઉતારવાનો છે. તમે કૂલી કર્યા. તેણે રૂ. ૩૦૦ માગ્યા. તમે સંમત થયા. પરંતુ ત્યાં હાજર રહીને આ પ્રક્રિયા જોતો કોઈ વ્યક્તિ તમારી પાસેથી 'નોક્કુ કૂલી' માગશે. મલયાલમ શબ્દ નોક્કૂનો અર્થ થાય છે જોવું. આ વ્યક્તિ સીપીએમનો કાર્ડ હૉલ્ડર એટલે કે સભ્ય હોઈ શકે." પણ માનો કે તમારે જાતે કામ કરવું હોય તો? મલયાલમ લેખક પૌલ ઝાકરિયા લખે છે: "તમે એક ઘરેથી બીજા ઘરે રહેવા જતા હો અને તમે નક્કી કરો કે તમે જાતે સામાન ચડાવી દેશો તોય કૉમરેડ (સામ્યવાદીઓ પોતાના સાથીઓને કૉમરેડ કહે) ખંડણી તો માગશે જ. જો તમે ન આપો તો મારામારી પર ઉતરી આવે. તમને ઈજા થશે. કેરળમમાં ક્રાંતિ એમ કહે છે કે જો શ્રમિક કામ ન કરે તો પણ તેને પૈસા ચૂકવવાના જ." પૌલ ઝાકરિયા કહે છે કે "માર્ક્સે પણ નહીં વિચાર્યું હોય તેવું સ્વર્ગ શ્રમિકો માટે કેરળમમાં છે." ડાબેરી તરફી ગણાતા એક ન્યૂઝ પેપરમાં ૨૦૧૮માં છપાયું હતું કે અભિનેતા સુધીર કારમના પાસેથી ઘરનો સામાન ઉતારવાના શ્રમિકોએ રૂ. ૨૫,૦૦૦ માગ્યા હતા! ત્યારે તો તેની પાસે કોઈ વિકલ્પ નહોતો પણ તેમણે તેનો મુદ્દો બનાવ્યો તો યૂનિયન નેતાઓએ શ્રમિકોને કહીને પૈસા પાછા અપાવડાવ્યા.

ફેબ્રુઆરી ૨૦૨૨માં સીપીઆઈ (એમ)ના ગઢ કન્નુરમાં હાર્ડવૅર દુકાનના સ્વામીએ તેની દુકાન અનેક સપ્તાહ સુધી બંધ રાખવી પડી કારણ કે આ દુકાનદાર પોતાના માણસો પાસે સામાન ચડાવવા-ઉતારાવડાવવા માગતા હતા પણ શ્રમિકો તેનો વિરોધ કરી રહ્યા હતા. આ તો એવી વાત થઈ કે તમે ઘરમાં કચરા-પોતાં, વાસણ, કપડાં કરો, તેને કામવાળી જોયા કરે અને પછી તેના પૈસા માગે અથવા તો એ વિરોધ કરે કે તમારે તમારું કામ જાતે પણ નહીં કરવાનું. ૨૦૧૨માં કેરળ ઉચ્ચ ન્યાયાલયે રાજ્ય સરકારને આદેશ આપ્યો હતો કે જે લોકો 'નોક્કુ કૂલી' માગે તેમની સામે 'ગુંડા અધિનિયમ' હેઠળ કાર્યવાહી કરો. પરંતુ 'સૈયા ભયે કોતવાલ, અબ ડર કાહે કા' ની જેમ જ્યાં સરકાર જ પોતાની હોય ત્યાં શું કાર્યવાહી થાય. એ પોતાના ઉપરોક્ત લેખમાં જોકે આ પ્રકારની ગુંડાગીરીને ન્યાયોચિત પણ ગણાવી દીધું. તેણે કહ્યું કે ૧૯૭૦ના દાયકામાં લોકો ખાડીના દેશોમાં જઈને કમાવવા લાગ્યા (અને એ કમાણીમાંથી મોટી રકમ કેરળમ્ માં પોતાના સગાવ્હાલાને મોકલવા લાગ્યા) તેમજ રોકડિયા પાકની કમાણી વધી ત્યારે તેની અવળી અસર એ પડી કે સંપત્તિની અસમાનતા વધી ગઈ. દહાડિયા શ્રમિકો પર તેનો માઠો પ્રભાવ પડ્યો. સંગઠિત ક્ષેત્રના શ્રમિકોને તો સારું પારિશ્રમિક મળતું હતું પરંતુ અસંગઠિત ક્ષેત્રના દહાડિયા શ્રમિકોને આ 'નોક્કુ કૂલી' નો માર્ગ અપનાવવા સિવાય છૂટકો નહોતો. બોલો !

બહુ વિરોધ થતાં, છેવટે મે ૨૦૧૮માં રાજ્ય સરકારે નોક્કુ કૂલી પર પ્રતિબંધ મૂકી દીધો. પરંતુ એ પ્રતિબંધ કાગળ પર જ રહ્યો. અને વિચાર તો કરો, ૨૦૨૧ માં કેરળના ઉચ્ચ ન્યાયાલયે રાજ્ય સરકારને નોક્કુ કૂલી પર પ્રતિબંધનો ચુસ્ત અમલ ન કરવા માટે ખખડાવી તેના થોડ જ દિવસોમાં ઈસરો, જે ભારતની અંતરિક્ષ વિજ્ઞાનની સંસ્થા છે અને ભારતની પ્રગતિમાં બહુ મોટો ફાળો છે, તેનો સામાન લઈને આવેલા ટ્રકને તિરુવનંતપુરમ્ માં ચાર કલાક સુધી અટકાવી દેવાયો હતો! કેટલી નોક્કુ કૂલી ઈસરોની કર્મચારી રાજેશ્વરી પાસે માગવામાં આવી? રૂ. ૧૦ લાખ! રાજેશ્વરીએ કહ્યું કે આ માલસામાન એટલો ભારે હતો કે તેને શ્રમિકો પણ ઉતારી શકે તેમ નહોતા અને હાઈડ્રૉલિક સિસ્ટમ વડે જ તેને ઉતારી શકાય તેમ હતો તો પણ શ્રમિકોને પૈસા જોઈતા હતા. તેમને પૈસા મળે તો જ ટ્રકને અંદર જવા દેવાશે તેવી તેમણે ધમકી આપી હતી. પોલીસ વચ્ચે પડી પછી તેનો માર્ગ નીકળ્યો. આજેય આ ખંડણી ચાલુ જ છે. લેખની શરૂઆતમાં જેનું ઉદાહરણ આપ્યું તે ક્લીન કેરળ કંપની લિ. પાસેથી નોક્કુ કૂલી પેટે રૂ. ૫૦,૦૦૦ માગ્યા હતા. ન્યાયતંત્રના આદેશ પછી પણ આ પ્રકારની દાદાગીરી ચાલી શકે છે. તે પણ ક્યાં? સૌથી ભણેલાગણેલા કેરળમ્ માં!

## અનુસંધાન પાના એકનું નો નોનસેન્સ

અણુકાર્યક્રમ હાથ ધરવાના ઈરાનના અધિકારને માન્ય રાખે, હોર્મુઝની ખાડી પરના ઈરાનના અધિકારને માન્ય રાખવામાં આવે. અમેરિકા ઈરાનને યુદ્ધમાં થયેલા ખર્ચાની ભરપાઈ કરે. યાદ રહે, જેને ચપટી વગાડતા મસળી નાખવાનું હતું એ ઈરાનનો યુદ્ધનો ૨૫મો દિવસ હતો અને આવી શરતો હતી.

અને પછી એક પછી એક દિવસ વિતતા ગયા અને અમેરિકાની અકળામણ વધવા માંડી. તેને બહાર નીકળવું હતું અને કોઈ રસ્તો ઝડતો નહોતો. અમેરિકા જે ઈરાની નેતાનો વાતચીત કરવા સંપર્ક કરે તેને ઇઝરાયેલ મારી નાખે કે જેથી વાતચીત આગળ ન વધે. જે દોસ્ત ખાતર સળગતું લાકડું હાથમાં લઈ લીધું એ હવે લાકડું છોડવા દેતો નહોતો. ન બોલી શકાય કે ન સહન કરી શકાય એવી સ્થિતિ થઈ ગઈ. દુનિયામાં આબરૂના ધજાગરા થઈ ગયા અને ઘરઆંગણે વિરોધ વધવા માંડ્યો. છેલ્લે તો ટ્રમ્પની લોકપ્રિયતામાં માઈનસ ૧૭નો ઘટાડો થઈ ગયો અને તેમને ઈમ્પીચ કરીને હટાવવાની વાતો થવા લાગી. છેલ્લા પંદર દિવસ ટ્રમ્પના સનેપાતના દિવસો હતા. શું બોલે છે તેનું તેમને જ ભાન નહોતું. આ બાજુ ઈરાન મચક નહોતું આપતું. ચારથી પાંચ અમેરિકન વિમાનો તોડી નાખ્યાં, બે એફ-૩૫ વિમાનો (જેને અમેરિકા-ઇઝરાયેલના પ્રશસ્તિકારોએ હાથ પણ ન લગાડી શકાય એવાં અજેય ગણાવ્યાં હતાં) ને ક્ષતિગ્રસ્ત કરી નાખ્યાં. ૧૫ જેટલા અમેરિકનોનાં મોત થયાં, સેંકડોની સંખ્યામાં અમેરિકનો ઘાયલ થયા અને અખાતી દેશોમાંના અમેરિકાનાં લશ્કરી મથકોનો ખાત્મો બોલાવી દીધો. તેનાં અત્યાધુનિક રેડારને તોડી નાખવામાં આવ્યું. યુદ્ધનાં બીજા દસ દિવસ વીતી ગયા, પણ ઈરાન મચક આપતું નહોતું. ઓછામાં પૂરું ઈરાને હોર્મુઝની ખાડી બંધ કરીને જાગતિક આર્થિક સંકટ પેદા કર્યું. અમેરિકાએ રહીસહી સહાનુભુતિ પણ ગુમાવી દીધી. વિશ્વભરમાં એક જ સવાલ પૂછાતો હતો કે ઇઝરાયેલના યુદ્ધમાં અમેરિકાએ વચ્ચે કુદવાની શું જરૂર હતી? ઊર્જાનું સંકટ અમેરિકાએ પેદા કર્યું છે. ટ્રમ્પને હવે એ પણ સમજાઈ ગયું કે ઈરાનની પાછળ રશિયા અને ચીન છે અને અમેરિકા વર્ચસ ગુમાવે અને જગત બહુધ્રુવીય બને એ માટે તેઓ યુદ્ધનો અવસર તરીકે ઉપયોગ કરે છે.

ટ્રમ્પબાબાને અક્કલ આવી ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. પગ ફાચરમાં ફસાઈ ગયો હતો અને નહોતું ઈરાન પગ બહાર કાઢવા દેતું કે નહોતું ઇઝરાયેલ બહાર કાઢવા દેતું. તેમણે પાકિસ્તાનને મધ્યસ્થી કરવા કહ્યું, પણ ઈરાને પોતાની વાત પકડી રાખી કે જો ઈરાનની શરતો માન્ય હોય તો જ તે વાતચીતના ટેબલ પર બેસશે, અમેરિકાની શરતે નહીં.

૩૮ દિવસ વીતી ગયા. ટ્રમ્પે ઈરાનને ડરાવવા માટે પોતાના સૈનિકો અખાતી દેશોમાં ઉતાર્યા અને ઈરાનમાં જમીની લડાઈ કરવાની ધમકી આપી. ઈરાને તેનું પણ સ્વાગત કર્યું. ઈરાને કહ્યું; "જીવતા સૈનિકોને મોકલો અને શબ પાછા લઈ જાઓ." અમેરિકા તેના ઈતિહાસમાં બહુ ભયંકર રીતે એકલું પડી ગયું. ઇઝરાયેલ માટેની અમેરિકનોની જાણીતી હમદર્દી પણ લુપ્ત થઈ ગઈ. એક સર્વે મુજબ ૬૮ ટકા અમેરિકનો એમ કહે છે કે ઇઝરાયેલ દાદાગીરી કરી રહ્યું છે અને તેને પાઠ ભણાવવાની જરૂર છે. અમેરિકાએ હવે ઇઝરાયેલનો હાથ છોડી દેવો જોઈએ.

હવે? ટ્રમ્પ બાબા પાસે બે જ વિકલ્પ હતા. કાં તો ઈરાનની શરતે યુદ્ધવિરામ કરે અથવા અણુ હુમલો કરીને ઈરાનને ખતમ કરી નાખે. પહેલા વિકલ્પમાં નાક કપાતું હતું અને બીજો વિકલ્પ જોખમી હતો. જોખમી એટલે દરેક રીતે જોખમી. ડોનાલ્ડ ટ્રમ્પ માનવ સભ્યતાના ઇતિહાસમાં અવ્વલ દરજ્જાના વિકૃત અને પાગલ તરીકે કાયમ માટે સ્થાન પામે. રાક્ષસ તરીકે ઓળખાય. પ્રમુખપદ ગુમાવે, નિર્દોષ માનવોનો સંહાર કરવાના ગુના માટે કદાચ સજા થાય. અમેરિકા પ્રતિષ્ઠા ગુમાવે. આમ તો આ ઈરાનને ઝૂકાવવાનો છેલ્લો પ્રયાસ હતો, ધમકી હતી, પણ ડોનાલ્ડ ટ્રમ્પની અંદર રહેલ નીચતા અને અભિમાન જોતા એક ભય પણ હતો. ગાંડો અને વિકૃત માણસ છે, શું ખબર સાહસ કરી પણ બેસે!

આખું જગત અધ્ધરજીવે હતું. ઇઝરાયેલી મીડિયાએ કાઉન્ટ ડાઉન મીટર શરુ કરી દીધું હતું અને એની વચ્ચે ટ્રમ્પે યુદ્ધવિરામની જાહેરાત કરી. તેમણે યુદ્ધવિરામની જાહેરાત કરતા શું કહ્યું એ તો તમે વાંચી ગયા છો. "યુદ્ધવિરામ માટેનો ૧૦ મુદ્દાનો એક પ્રસ્તાવ ઈરાન તરફથી આવ્યો છે અને અમેરિકાને એમ લાગે છે કે એ વાતચીત માટે ઉપયોગી નીવડી શકે એમ છે." પાકિસ્તાને પણ ઈરાનના દસ મુદ્દાનો હવાલો આપીને યુદ્ધવિરામની જાહેરાત કરી અને ઈરાને પણ કહ્યું કે અમારા પ્રસ્તાવ પર વાતચીત કરવા અમેરિકા તૈયાર હોય તો અમે પંદર દિવસ યુદ્ધવિરામ કરવા તૈયાર છીએ. જગતના અનેક દેશોએ પાકિસ્તાનના નેતાઓની મુત્સદ્દીગીરીનાં વખાણ કર્યાં છે અને આભાર માન્યો છે.

શું છે એ દસ મુદ્દા? એ જ, જે ઈરાન પહેલીથી જ કહેતું આવ્યું છે. ઈરાનના અણુ કાર્યક્રમ હાથ ધરવાના અધિકારને માન્ય રાખવામાં આવે. ઈરાન અને તેના સાથી દેશો (તેમાં લેબેનોનનો ખાસ નામ લઈને ઉલ્લેખ કરવામાં આવ્યો છે) પર ક્યારેય હુમલા કરવામાં નહીં આવે અને તેની જાગતિક બાંયધરી આપવામાં આવે. હોર્મુઝની ખાડી પરના ઈરાનના અધિકારને માન્ય રાખવામાં આવે. બધા જ પ્રકારના સીધા અને આડકતરા પ્રતિબંધો ઉઠાવી લેવામાં આવે. યુનોમાં અને ઈન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સીમાં ઈરાનના અણુ કાર્યક્રમને લગતા અને તેને કારણે પ્રતિબંધોને લગતા જેટલા ઠરાવ છે એ બધા પાછા લેવામાં આવે. ઈરાનની જપ્ત કરવામાં આવેલી સંપત્તીને ઈરાનને પાછી સોંપવામાં આવે. પશ્ચિમ એશિયામાંની અમેરિકાની લશ્કરી હાજરીનો અંત આવે અર્થાત્ અખાતી દેશોમાંથી અમેરિકનાં લશ્કરી મથકો સંકેલી લેવામાં આવે. જે સમજુતી થાય તે બન્ને પક્ષો માટે બંધનકર્તા બને એ માટે યુનોની સલામતી સમિતિમાં તે અર્થનો ઠરાવ પસાર કરવામાં આવે. ઈરાને યુદ્ધખર્ચો માગ્યો હોવાનું પણ કહેવાય છે, પણ એ વિષે મીડિયા રીપોર્ટમાં વિરોધાભાસ છે. ગમે તેમ, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે "It is Workable." તો પછી કોણ જીત્યું? અમેરિકા કે ઈરાન? હજુ એક વાત તમે નોંધી? યુદ્ધ મૂળમાં ઇઝરાયેલ અને ઈરાન વચ્ચે હતું અને અમેરિકા તો વચ્ચે કુદી પડ્યું, પણ જે વાટાઘાટો થવાની છે તેમાં ઇઝરાયેલ પક્ષકાર જ નથી. એ વાત જૂદી છે કે ઇઝરાયેલને પક્ષકાર બનવું પણ નથી. ઇઝરાયેલ બને ત્યાં સુધી યુદ્ધ ચાલુ રાખવા માગે છે કે જેથી ઈરાન નબળું પડે અને ઇઝરાયેલને વિસ્તરવાનો મોકો મળે. ઈસ્લામાબાદમાની વાતચીતને તોડી પાડવા માટે ઇઝરાયેલ દરેક પ્રકારની કોશિશ કરી રહ્યું છે. ગુરુવારનો લેબેનોન પરનો હુમલો આ જ ઉદ્દેશથી કરવામાં આવ્યો છે. કદાચ તેને તેમાં સફળતા મળે પણ. જેના વિષે કોઈ કશું જ ખાતરીપૂર્વક ભાખી ન શકે એવો ટ્રમ્પ છે અને ઇઝરાયેલ પાસે ટ્રમ્પને લગતી એપ્સ્ટીન ફાઈલો છે. જરાક રાહત મળી નહીં કે ટ્રમ્પે સૂર બદલ્યો નહીં. સૂર બદલવાનું એક કારણ તો એ છે કે જગતભરમાં અમેરિકાની ઠેકડી ઊડી રહી છે, એટલે વળી પાછું ભાંગી નાખું કાપી નાખુંની વાત ટ્રમ્પ કરવા લાગ્યા છે. ટૂંકમાં વાટાઘાટ સફળ થશે કે કેમ એ વિષે શંકા છે. ઇઝરાયેલ અમેરિકાને કેટલું નચાવી શકે છે એના પર બધો આધાર છે. નઠારાની ભાઈબંધીનું આ પરિણામ છે. •

## અનુસંધાન પાના એકનું બહુશ્રુત

મુત્સદ્દીગીરી એટલે કે ડિપ્લોમસીના મામલે આ જટિલ પાસું છે. ભારત પાસે અખતરા કે ભૂલ કરવાનો અવકાશ નહીંવત્ છે. વૈશ્વિક પરમાણુ વ્યવસ્થામાં ભારતનું સ્થાન અનોખું છે. ભારતે NPT (પરમાણુ અપ્રસાર સંધિ) પર સહી નથી કરી, છતાં 2008માં તેને NSG તરફથી જે છૂટછાટ મળી તેના કારણે તે પરમાણુ વેપાર કરી શકે છે આ વિશેષ છૂટ એક ચોક્કસ ધારણા પર આધારિત હતી: કે ભારત એક જવાબદાર રાષ્ટ્ર છે, જે કાયદાકીય બંધન વગર પણ સંયમ જાળવી શકે છે. આ સમજૂતી ભારતની શાખ (reputation) પર ટકેલી હતી, પણ તે દેખાય છે તેના કરતા વધુ નાજૂક બાબત છે.

જો આપણે યુરેનિયમ એનરિચમેન્ટની ક્ષમતા વધારીશું, તો વૉશિંગ્ટન, બેઈજિંગ અને વિયેના તરત જ તેની નોંધ લેશે. આનાથી અમેરિકા ફરી મૂંઝવણમાં મુકાઈ જશે. એક તરફ, તેની 'ઈન્ડો-પેસિફિક' રણનીતિ માટે અમેરિકાને ભારતની જરૂર છે. પણ બીજી તરફ, જો દક્ષિણ એશિયામાં આ ક્ષમતા વધે તો અન્ય દેશોને પણ આવું કરવાની છૂટ મળી જશે. આમાં નવા સમીકરણ ગોઠવાશે. પાકિસ્તાન સાથેના સંતુલન અને અમેરિકી સંસદની કડક તપાસ અંગે એવા સવાલો ઊભા થશે, જેની જાહેરમાં ચર્ચા કરવાનું અમેરિકાનો કોઈપણ સત્તાધારી પક્ષ નહીં ઈચ્છે. બહારથી તો અમેરિકા ભારતને ટેકો આપશે, પરંતુ અંદરખાને ટેકનોલોજીની મંજૂરી કે ઈંધણના કરારોમાં એવી મુશ્કેલીઓ ઊભી થશે જે કદાચ સીધી દેખાશે નહીં, પણ તેની અસર ચોક્કસ અનુભવાશે.

પણ આનો અર્થ એમ નથી કે ભારતે પીછેહઠ કરવી જોઈએ, આ તો 2008 જેવી ગંભીરતા સાથે પૂર્વતૈયારી કરવાનો સંકેત છે. આપણે જાહેરાતો કરીને પછી પ્રયોગો નહીં નક્કર રાજદ્વારી પાયા નાખવા પડશે. અહીં પાકિસ્તાનનું મહત્વ ઓછું છે. ઈસ્લામાબાદની ન્યુક્લિયર નીતિ મુશ્કેલી છે ખરી પણ તે એક જૂદો પ્રશ્ન છે. આ મુદ્દાને ભારતની યુરેનિયમ સંવર્ધન ક્ષમતા સાથે કોઈ લેવાદેવા જ નથી. પાકિસ્તાન સાથેના આપણા સંબંધોમાં પહેલેથી જ એક પ્રકારની કાયમી અસ્થિરતા છે. મૂળે તો સંવર્ધનનો આ પ્રશ્ન ચીન સાથે જોડાયેલો છે. ચીન અને પાકિસ્તાન સાથેની આપણી સમસ્યાઓ સરખી નથી. આપણે ન્યુક્લિયર રણનીતિની જાહેરાતો પ્રેસ કોન્ફરન્સમાં નથી જણાવવાના. આ ફેરફાર રોકાણની રીતો અને નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ધીરે ધીરે દેખાશે. ઉપર ઉપરથી તે ઊર્જા માટે લાગશે, પણ અંદરખાને તે આપણી સંરક્ષણ શક્તિને વધુ મજબૂત બનાવનારી બાબતો હશે. રાષ્ટ્રીય સુરક્ષાની બાબતોમાં ભારત હંમેશા ધીમી ગતિએ જ આગળ વધે છે, અને તે સમજદારીભર્યું પણ છે. આનાથી દુશ્મન દેશો સીધા ઉશ્કેરાતા નથી, આપણી યોજનાઓ ગુપ્ત રહે છે અને મુત્સદ્દીગીરી માટે પૂરતો સમય મળે છે.

પણ આ ધીમી ગતિ ત્યારે જ કામની છે જો આપણે સાચી દિશામાં જઈ રહ્યા હોઈએ. અને દિશા ત્યારે જ સાચી ગણાશે, જો આપણી રણનીતિ આજના સમયના જોખમોને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવી હોય. ભારતની પરમાણુ રણનીતિ (minimum credible deterrence) એક એવા સમય માટે બની હતી જ્યારે ચીન અને હિંદ મહાસાગરની સ્થિતિ સાવ અલગ હતી. આજે સંજોગો બદલાઈ ગયા છે, પણ આપણી રણનીતિ હજુ જૂની છે. આ અંતર જેટલું લાંબું ખેંચાશે, એટલું જ એવું લાગશે કે આપણે સંયમ નથી જાળવી રહ્યા, પણ જૂની વાતોના મોહમાં ફસાઈને સાચી વ્યૂહરચના બનાવવાનું ભૂલી ગયા છીએ. •